GJBH030038412024	કેસ દાખલ થયા તારીખ	:	૧૬/૦૪/૨૦૨૪		
	કેસ રજી. થયા તારીખ	:	૧૬/૦૪/૨૦૨૪		
	કેસ ફેંસલ થયા તારીખ	:	૦૬/૦૬/૨૦૨૬		
	સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
			૦૨	૦૧	૨૦

અંકલેશ્વરના મહે. બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ. અંકલેશ્વર.

ફોજદારી કેસ નંબર : ૨૧૦૧/૨૦૨૪
આંક :–

ફરીયાદી : ધર્મેન્દ્રભાઈ બઘેલ
ઉ.વ.આ. ૨૭, ધંધો–વેપાર,
રહે. તયબાહ નગર, ચોર્યાસી ભાગોળ, કસ્બાતીવાડ,
અંકલેશ્વર, જી.ભરૂચ

વિરુધ્ધ.

આરોપી : સૈયદ અફસાનાબાનું સાજીદલી
ઉ.વ.આ. પુખ્ત, ધંધો– વેપાર,
રહે. ફલેટ નં.૩૦૨, ત્રીજો માળ, સાગર રેસીડેન્સી,
બીબી રેસીડેન્સીની બાજુમાં, સલમાન મસ્જીદની સામે,
ડુંગરી–શેરપુરા રોડ, ભરૂચ

ગુન્હો :– <u>ધી. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>

ફરીયાદી તરફે વિ. વ..........................શ્રી એન.ડી. કાનાણી
આરોપી તરફે વિ.વ..........................શ્રી જે.એસ. કાપડીયા

<u>:: ઠરાવ ::</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી ફરીયાદમા જણાવેલ સરનામે રહે છે તથા શિક્ષીત નથી જેથી વેપાર/મજુરી કરી પોતાનુ અને પોતાના પરીવારનું જીવન ગુજરાન ચલાવે છે અને આરોપી ફરીયાદમા જણાવેલ સરનામે રહે અને વેપાર

રહે છે. ફરીયાદી છેલ્લા ૬ વર્ષથી અંકલેશ્વર શહેરમાં ભરૂચીનાકા જવાહર ગાર્ડન પર પાણીપૂરીની લારી ચલાવી ધંધો કરે છે અને આરોપી સાથે ફરીયાદીના સબંધી તેમજ એક જ ગામના થતા ઉદેલ બઘેલ નામની વ્યકિત દવારા ઓળખાણ થયેલ અને આરોપી સાથે ઓળખાણ થતા ફરીયાદી અને આરોપી વચ્ચે જરુરીયાતના સમયે પૈસાના લેવડ તરીકેના પણ વ્યવહાર થતા હતા. ફરીયાદી અને આરોપી ઘણા વર્ષોથી ઓળખાણમાં છે અને વેપારી રીતે પણ ઓળખાણ ઘરાવતા હોય જેથી આરોપી ફરીયાદી પાસે અવાર નવાર નાની મોટી રકમ હાથ ઉછીના રકમ માંગી લેતા હતા અને પરત પણ કરી દેતા હતા પરંતુ આરોપીને સને ૨૦૨૨ માં ધંધામાં મંદી આવતા આરોપીએ ફરીયાદી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– હાથ ઉછીની રકમ માંગેલ અને એમ જણાવેલ કે '' હુ હમણા એક નવો ધંધો શરુ કરવા જઈ રહી છુ અને એમા ખુબજ સારી સ્કીમ છે જેથી મારો ધંધો વધશે એટલે તને હુ ડબલ રકમ પરત કરી આપીશ એમ તને વાયદો આપુ છું. મારો વિશ્વાસ કરો એમ જણાવેલ.'' પરંતુ ફરીયાદી પાસે એક સાથે આટલી રકમ ના થતા આરોપી ટુકડે–ટુકડે જરુરીયાત મુજબ રકમ લઈ જતા હતા આમ આરોપી રૂા.૨,૦૦,૦૦૦/– રોકડે લઈ ગયેલ છે અને તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ રૂા.૩૦,૦૦૦/–, તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ રૂા. ૫૦,૦૦૦/–, તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૨૦,૦૦૦/– આરોપીને ફોન પે દવારા ટ્રાન્સફર કરવામાં આવેલ છે. આમ, આરોપી માત્ર રૂપીયા લઈ જતા હતા પરંતુ પરત આપતા ન હોય અને ફરીયાદીને ફેબ્રુઆરી ૨૦૨૪માં રુપીયાની ખબજ જરુર પડતા આરોપી પાસે પોતાની કાયદેસરની નીકળતી લેણી રકમ માંગણી કરેલ ત્યારે આરોપીએ ફરીયાદીને એમ જણાવેલ કે '' ડબલ રૂપીયા તો નહી મળે જે થાય તે કરી લે જે'' જેથી ફરીયાદીએ એમ જણાવેલ કે '' અમોને અમારી લેણી નીકળતી રકમ મહેરબાની કરીને આપી દો.'' જેથી આરોપીએ ફરીયાદીના ધંધાના સ્થળે રૂબરૂ આવી ફરીયાદીના ઓળખીતા ઉદેલ બઘેલની હાજરીમાં રૂપીયા ૩,૦૦,૦૦૦/– નો ચેક ભરી સહી કરી તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો લખી એક મહીના પછીનો પોસ્ટ ડેટેડ ચેક આપેલ અને નીચેના વર્ણનવાળો ચેક લખી તેની પર સહી કરીને એવા વિશ્વાસ અને ભરોસા સાથે આપેલ કે આ ચેક તમે બેંકમા જમા કરાવશો એટલે બીજા જ દિવસે તમારા ખાતામાં રૂા.૩,૦૦,૦૦૦/– જમા થઈ જશે.

ચેકની વિગત

અનુ.નં.	ચેક નં.	બેન્કનું નામ	રકમ	તારીખ
૧	૦૦૦૦૨૨	એચ.ડી.એફ.સી., શોપ નં.	૩,૦૦,૦૦૦/–	૨૬/૦૩/૨૦૨૪

		એફએફ ૧,૨ અને ૩, શેથાના પ્લાઝા કોમ્પલેક્ષ, બી/એસ એફ.એમ. અમીન પેટ્રોલ પંપ, સ્ટેશન રોડ, ભરૂચ		

આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસાના કારણે ફરીયાદીએ ઉપરોકત ચેક આરોપી પાસેથી સ્વિકારી ફરીયાદીના એચ. ડી. એફ.સી. બેન્કના ખાતામા જમા કરતા તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરાથી વગર સ્વિકાર્યે પરત ફરેલ જે ફરીયાદીને તા.૨૮/૦૩/૨૦૨૪ નારોજ મળેલ છે. આમ, આરોપીએ તેના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી પેટે લખી આપેલ ચેક નં. ૦૦૦૦૨૨ તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરાથી વગર સ્વીકાર્યે પરત ફરેલ જેની જાણ ફરીયાદીને તા.૨૮/૦૩/૨૦૨૪ ના થતા આરોપીને જણાવેલ પરંતુ આરોપીએ ચેક બાબતે તથા ઉછીના લીધેલ નાણા પરત આપવાના બદલે ફરીયાદીને ખુબ જ ઉધ્ધતાઈ પુર્વક અને તદન ઉડાઉ જવાબ આપી ધીકકારેલ તેમજ ફરીયાદીને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપવા લાગેલ. આમ, આરોપીએ ફરીયાદી શિક્ષીત ન હોય તેનો લાભ લઈ બદઈરાદા પુર્વક ચેક ભરીને આપેલ અને ડબલ રકમ આપવાની લાલચમાં લઈ વિશ્વાસમાં લઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ છે. આમ, આરોપીનો પહેલેથી જ બાકી નાણા આપવાનો ઈરાદો ના હોય અને ખોટી રીતે ચેકનો ઉપયોગ કરી ચેક પરત કરવાના આશયે ચેક આપેલ જે ચેક પરત થવાથી ફરીયાદીએ તેના વકીલશ્રી મારફત નોટીસ તૈયાર કરાવી આ કામના આરોપીને રજી.પો.એડી.થી તેમના રહેઠાણના સ્થળે તા.૩૦/૦૩/૨૦૨૪ ના રોજ નોટીસ મોકલાવેલ હતી અને સદર નોટીસમા ચેક પરત ફરેલ તે બાબતના ચેકના નાણા દિન-૧૫મા ચુકતે કરી દેવા તેમજ બીજી અન્ય વિગતો જણાવેલ હતી જે નોટીસ આ કામના આરોપીએ સ્વિકારેલ નથી જેથી ફરીયાદીને તા. ૦૫/૦૪/૨૦૨૪ ના રોજ નોટીસ મળેલ છે. આમ, સદર નોટીસ આરોપીને બજેલ છે પરંતુ આરોપીએ નોટીસનો સ્વિકાર કરેલ નથી તેમજ કાયદેસરના નીકળતા નાણા પણ ચૂકવેલ નથી. આમ, આરોપીએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી માટે આપેલ ચેક નં. ૦૦૦૦૨૨ વાળો ચેક પરત ફરેલ હોવાથી તેમજ તે બાબતની નોટીસ આપવા છતા આરોપીએ નોટીસનો અસ્વિકાર કરી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ ફરીયાદીએ આપવી પડેલ છે.

(૨) આ કામે કોગ્નીઝન્સ લઈ પ્રોસેસનો હુકમ કરેલ હોઈ સમન્સની બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૭ મુજબ આરોપીને ફરિયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ અન્વયે આરોપીનું નિવેદન આંક–૮ થી લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, આ કામે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરતાં, કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખીક પુરાવો :</u>

ક્રમ	**સાહેદની વિગત**	**આંક**
૦૧	ફરીયાદી ધર્મેન્દ્રભાઈ બઘેલની જુબાની	૦૪

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૦૧	આરોપીએ આપેલ ચેક	૧૮
૦૨	ચેક રીર્ટન થયા અંગેનો રીર્ટન મેમો	૧૯
૦૩	આરોપીને આપેલ નોટીસ	૨૦
૦૪	નોટીસ રજી. પો.એડી. કર્યાની પાવતી	૨૧
૦૫	નોટીસનુ પરત આવેલ કવર	૨૨
૦૬	ઈન્કમટેક્ષ રીટર્ન	૨૫, ૨૬
૦૭	ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ	૨૮

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' અમો સામે ખોટો કેસ કરવામાં આવેલ છે.''

(૫) આ કામે આરોપી તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલા નથી આરોપીના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર કામે ફરિયાદી તરફે તેમના વિ.વકિલશ્રીની મૌખીત દલીલ સાંભળવામા આવેલ છે તેમજ, ફરીયાદી તરફે લેખીત દલીલ આંક–૩૧ થી થયેલ છે જેમા તેઓએ ફરીયાદની વિગતોનુ પુનરાવર્તન કરેલ છે તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ વર્ણન કરી વધુમાં જણાવેલ છે કે, '' આપ નામદાર કોર્ટ સમક્ષ સર્વ પ્રથમ એ હકકીત જાહેર કરવાની કે સદર કામમાં ૪ થી ફરીયાદીની જુબાની જોતા તેમજ તમામ દસ્તાવેજી પુરાવાઓ ભારતીય પુરાવા કાયદાની કલમ–૩,૬૩ થી ૬૬ તથા ૬૭, ૭૬ સાથે વાંચતા સબબના પ્રબંધો અન્વયે ઉપરોકત તમામ દસ્તાવેજો કાયદેસર રીતે પુરવાર થયેલ છે. જે હકીકતમાં આ દસ્તાવેજી પુરાવાઓ કાયદેસર રીતે પુરવાર થયેલ હોય તેને પુરાવામાં વંચાણે લેવા આવશ્યક અને જરુરી છે. આ કામે આરોપીપક્ષે આરોપીના એફ. અસે.મા કોઈ દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવા રજુ કરવા માંગે છે તેવુ જાહેર કરેલ છે, પરંતુ નામદાર કોર્ટ દવારા આ કામના આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવાછતા આજદીન સુધી કોઈ દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવા રજુ કરેલા નથી.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયે પ્રાથમિક અનુમાન ::–

સર્વપ્રથમ એ હકીકત આપ નામદાર કોર્ટ સમક્ષ એ હકીકત જાહેર કરવાની કે, હાલનો કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળના ગુના સબબનો કેસ છે અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ માં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ છે અને આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતના ઘણા ચુકાદાઓમાં આ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આમ, હાલના કેસમાં પ્રાથમિક રીતે ફરીયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૧૮ અને ૧૩૯ નું અનુમાન કાયદેસર રીતે પ્રસ્થાપિત થતુ હોય, તે ધ્યાને રાખી સદર કેસનો નિર્ણય કરવા આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.

–:: મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન ::–

(ફરીયાદીની ફરીયાદ કરવાની કાયદેસરતા)

હાલના કેસમાં ફરીયાદીની આંક – ૧ ની ફરીયાદમાં જે હકીકત જણાવેલ છે તે જ સંદર્ભે આંક – ૪ ની જુબાની આપેલ છે અને આંક – ૩ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તેમજ ફરીયાદીએ આંક – ૨૫, ૨૬ થી ઈન્કમટેક્ષ રીર્ટનના અસલ કાગળો રજુ કરેલ છે અને તે કાગળો જોતાં અમો ફરીયાદી કાયદેસર રીતે ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા હોવાનું પુરવાર કરેલ છે. આમ ફરીયાદીએ ફરીયાદ કરેલ છે તે સંદર્ભે ઉપરોકત આંક – ૧ ની ફરીયાદ તથા આંક – ૪ ની સરતપાસ અને આંક – ૩ ના તેમજ આંક ૨૪ ના લીસ્ટથી રજુ કરેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને આ મૌખિક અને દસ્તાવેજ પુરાવાઓથી આ ફરીયાદ કરવાનો કાયદેસરનો તેઓનો અધિકાર નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(ફરીયાદીનું આરોપી ઉપરનું કાયદેસરનું લેણું)

હવે ફરીયાદીનું સદર પરત થયેલ ચેકો બાબતે કાયદેસરનું લેણું હોવાનો પુરાવો જોઈએ તો, ફરીયાદીએ આંક ૧ ની ફરીયાદ તેમજ આંક ૪ ના સોગંદનામા સ્વરૂપની સરતપાસમાં પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ છે તેમજ આંક ૧૮,૧૯,૨૦,૨૧,૨૨,થી આ કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ ચેક અને તે અંગેના વધુ પુરાવા તેમજ આંક – ૨૫,૨૬ થી પોતાનું ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ છે તેમજ જેમાં સ્પષ્ટપણે ફરીયાદીએ આ કામના આરોપીને નાણા ચુકવી આપેલ છે તે સ્પષ્ટપણે પુરવાર થાય છે. આમ ફરીયાદીએ આરોપીને નાણા ચુકવી આપેલ છે તે હકીકત ફરીયાદીએ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ ચેકો)

આ કામના ફરીયાદીએ આંક ૧ થી પોતાની ફરીયાદ, તેમજ આંક ૪ થી પોતાની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે, જેમાં સદર ચેક કાયદેસરના લેણા પેટે આપેલ તે હકીકત પુરવાર કરેલ છે, વધુમાં આંક દસ્તાવેજી પુરાવામાં આંક ૩ ના લીસ્ટથી રજુ ૧૮,૧૯ થી ચેક અને રીટર્ન અંગેના પુરાવા પણ પોતાની મૌખિક જુબાનીથી પુરવાર કરેલ છે. તેમજ સદર કામમાં આંક.– ૨૫,૨૬ ફરિયાદીએ ઈન્કમટેક્ષ રીટર્ન ભરતા હોવાના પુરાવા પણ રજુ કરેલ છે. આમ ફરીયાદીએ ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી સદર ચેક આરોપીએ આપેલ હોવાનું અને સદર ચેક આરોપીના ખાતાના હોવાનું નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(ચેક ઉપર આરોપીની સહી બાબતનો પુરાવો)

સદર કામમાં આંક – ૧ વાળી ફરીયાદ અને આંક – ૪ વાળી જુબાનીથી આ કામના આરોપીએ પોતાની સહીથી સદર આંક ૧૮ વાળો ચેક આપેલ તે હકીક્ત પુરવાર કરેલ છે, જે કોઈ પણ વ્યકિત નરી આંખે ઓળખી શકે છે અને ભારતીય પુરાવાના કાયદાની કલમ –૭૩ મુજબ આપ નામદાર કોર્ટ પણ તેની ચકાસણી કરી શકો છો, આમ સદર ચેક આરોપીના ખાતાનો છે અને તેની ઉપર આ કામના આરોપીની સહી છે, તે હકીકત પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે તેમજ સદર કેસમાં આ કામના આરોપી તરફે ચેક પર આરોપીની સહી નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી, જે હકીકત ફલીત થાય છે કે ચેક પર સહી આરોપીની છે.

(આરોપીએ આપેલ ચેકો પરત થવા સંદર્ભે)

ફરીયાદીએ આંક – ૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ તથા આંક–૪ થી પોતાની જુબાની રજુ કરેલ છે, જેમાં આંક – ૧૮ થી આ કામના ફરીયાદવાળો ચેક તથા આંક – ૧૯ થી રીર્ટન મેમો રજુ કરેલ છે અને આંક – ૪ ની જુબાનીથી પણ તે હકીકત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૪૬ ની જોગવાઈ જોઈએ તો આ તમામ દસ્તાવેજી પુરાવાઓ પ્રાથમિક રીતે પુરવાર થયેલા ગણવાની જોગવાઈ છે, આમ તમામ દસ્તાવેજી પુરાવાઓ કાયદેસર રીતે પુરવાર થયેલ છે અને સદર ફરીયાદવાળો ચેક સમયમર્યાદામાં

રજુ કરવામાં આવેલ છે અને સદર આંક – ૧ ની ફરીયાદ અને આંક – ૪ ની જુબાનીમાં જણાવ્યા મુજબ સદર ચેક પરત થયેલ છે તે હકીકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ કામના આરોપી પક્ષ આ પુરવાર થયેલ હકીકતને ડીપ્રુવડ કરવામાં સદંતર રીતે નિષ્ફળ નિવડેલ છે.

(ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(બી) અન્વયે કાયદેસર માંગણાની નોટીસ)

સદર કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ ચેક આંક – ૧૮ થી રજુ કરવામાં આવેલ છે, જે ચેક પરત થતા આ કામના આરોપીને વકીલ શ્રી એન. ડી. કાનાણી મારફત અમો ફરિયાદીએ કાયદેસરની નોટીસ મોકલવામાં આવેલ, જે નોટીસ સદર કામમાં આંક –૨૦ થી રજુ કરવામાં આવેલ છે, જે નોટીસ આ કામના આરોપીના સાચા અને ખરા સરનામા પર તારીખ : ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ મોકલવામાં આવેલ અને જે નોટીસ મળ્યે દિન–૧૫ માં એ ફરીયાદીના કાયદેસરના લેણા નીકળતા ઉપરોકત પરત ચેકના નાણા કુલ રૂા. ૩,૦૦,000/– ચુકવી આપવા આ કામના આરોપીને તાકીદ કરવામાં આવેલા. જે નોટીસ આ કામના આરોપીના રહેણાંકના સરનામે મોકલાવેલ તે તારીખ : ૦૫/૦૪/૨૦૨૪ ના રોજનું બંધ કવર અસલ આ કામના આરોપીને મળી ગયેલ, પરંતુ નોટીસનો આ કામના આરોપીને મળી ગયેલ હોવા છતાં સ્વીકારેલ નથી સદર નોટીસની પોસ્ટ ખાતાની રસીદ આ કામમાં આંક – ૨૧ થી રજુ છે. આમ ધી નેગો, ઈન્સ્ટ્રુ, એકટ હેઠળ કાયદેસરની સમયમર્યાદામાં સદર નોટીસ મોકલાવવામાં આવેલ છે અને તેની આ કામના આરોપીને બજવણી પણ થઈ ગયેલ છે, આમ આ કાયદેસરની પ્રક્રિયા પણ કાયદેસર રીતે ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

–:: પુરાવાનો બોજો ::–

હવે જયારે ફરીયાદ પક્ષે તથા ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓથી પ્રાથમિક રીતે પોતાનો કેસ, પોતાના કાયદેસરના લેણા, પોતાના કાયદેસરના લેણા પેટે આપેલ ચેક તથા તે ચેક પરત થવા સંદર્ભે પોતાનો કેસ પુરવાર કરેલ હોય, ત્યારે થી નેગો. ઈન્સ્ટ્રુ, એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ફરીયાદીની તરફેણમાં હોય, આ પુરાવા અને તે સંદર્ભેના કાયદેસરના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષ તર્ફે રહે છે, જે સંદર્ભે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, તે સંદર્ભેના મુદ્દાઓ નીચે મુજબ છે.

આ ચેકો અમો ફરીયાદી પાસે કેવી રીતે આવ્યા તે સંદર્ભે આ કામના આરોપી કોઈ પણ પ્રકારનો ખુલાસો કરી શકેલ નથી અને માત્રને માત્ર ચેકોનો દુર ઉપયોગ થયાનો ડીનાઈલ લીધેલ છે, આમ આ કામના આરોપી આ પુરાવા અને તે સંદર્ભેના કાયદેસરના અનુમાનનું ખંડન કરવામાં સદંતર રીતે નિષ્ફળ ગયેલ છે.

હાલની ફરીયાદવાળો ચેક પરની સહી સંદર્ભે જોવામાં આવે તો, સદર કામમાં આંક–૧૮ થી ચેક રજુ થયેલ છે અને તે ચેકમાં આ કામના આરોપીની સહી બાબતે આરોપી પક્ષ તરફથી કોઈ પણ તકરાર લેવામાં આવેલ નથી તથા

વધુમાં આ ચેક બેંકે પરત કરેલ છે તે બેંક તરફથી આપવામાં આવેલ રીર્ટન મેમો સદર ફરીયાદમાં રજુ દસ્તાવેજી પુરાવાના લીસ્ટમાં આંક આવેલ છે, જે જોવામાં આવે તો કોઈ પણ ચેક સીગ્નેચર ડીફરના કારણે રીર્ટન થયેલ ૧૯ થી રજુ કરવામાં નથી, આમ બેંકે પણ ચેક ઉપર આરોપીની સહી છે તે હકીકત સ્વીકાર્ય રાખેલ છે, જે હકીકતને ઉપરોકત રજુ આંક –૧૯ વાળો પુરાવાથી પણ સમર્થન મળે છે, આમ સ્પષ્ટપણે સદર ચેક ઉપર આ કામના આરોપીની સહી હોવાનું પુરવાર થાય છે. આમ આરોપી પક્ષ સ્પષ્ટપણે આ પુરાવા અને તેના કાયદેસરના અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

-:: ઓથોરીટી ::–

૧. 2019(0) AIR(SC) 4617 M. Abbas Haji V/s. T.N. Channakeshava

(A) Negotiable Instruments Act, 1881 Section 138 - Original appellant (since deceased) convicted and sentenced to pay fine with default stipulation Legal heirs neither liable to pay the fine or to undergo imprisonment But they have a right to challenge the conviction of their predecessor only for the purpose that he was not guilty of any offence. (Para 3)

(B) Negotiable Instruments Act, 1881 Section 138 A quasi-criminal proceeding Principles applicable to acquittal in other criminal cases does not apply. (Para 6)

(C) Negotiable Instruments Act, 1881 Section 138 Accused only asserting that he did not issue the cheque Not entering into witness box to prove it Opinion of handwriting expert is only an opinion and cannot be conclusive Accused also failing to prove having sent reply to complainant's notice Accused also not explaining how leaves of cheque entered into the hands of the complainant - Conviction proper. (Para 6)

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો જોતા, હાલના કેસમાં પણ આરોપી પક્ષ માત્રને માત્ર ચેકનો દુરઉપયોગ થયા હોવાનું ડિનાઈલ લીધેલ છે. આમ હાલના કેસમાં રજુ દસ્તાવેજી પુરાવાઓ અને મૌખિક પુરાવાઓ જોતા, આ કામના આરોપીના ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યા ? તે પુરાવાનું પણ ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેલ છે, આમ ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો હાલના કેસમાં સ્પષ્ટપણે લાગુ પડે છે.

૨. 2019(1) GLH 338 Birsingh V/S Mukesh Kumar

"[A] Negotiable Instruments Act, 1881 S. 20, S. 87, S. 138 and S. 139 Dishonour of Cheque Presumption Onus of proof - Blank Cheque If a signed blank Cheque is voluntarily presented to the payee towards some payment, the payee may fill up the amount and other particulars This in itself would not invalidate the Cheque The onus would still be on the accused to prove that the Cheque was not in discharge of a debt or liability by adducing evidence If the Cheque is otherwise valid, the penal provisions

would be attracted The existence of a fiduciary relationship between the payee of the Cheque and its drawer would not disentitle the payee to the benefit of the presumption under the Act."

"[B] Negotiable Instruments Act, 1881 S. 138 and S. 139-Dishonour of Cheque Presumption The onus to rebut the presumption that the 25 Cheque has been issued in discharge of a debt or liability is on the accused The fact that the Cheque might be post dated does not absolve the drawer of the Cheque of the penal consequences under the Act."

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો જોતા, એક વખત લખ્યા વગરનો કોરો ચેક આપવામાં આવ્યા હોય અને તેના પર સહી આરોપીની હોય, તેવા સંજોગોમાં ફરીયાદીની તરફેણમાં તેના અનુમાનનો લાભમળે છે અને તે પ્રિઝમ્પશન રીબટ કરવાની જવાબદારી આરોપી પક્ષની હોય છે. હાલના કેસમાં આ કામના આરોપીએ આપેલ ચેક, ચેક ઉપર આરોપીની સહી, ચેક આરોપીના ખાતાનો છે વિગેરે હકીકત ફરીયાદ પક્ષ દવારા પુરવાર કરવામાં આવેલ હોય ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો હાલના કેસમાં સ્પષ્ટપણે લાગુ પડે છે.

૩. Criminal appeal No. 308/2018 Kishan Rao V/s Shankar Gonda "10. The trial court after considering the evidence on record has returned the finding that the cheque was issued by the accused which contained his signatures. Although, the complainant led oral as well as documentary evidence to prove his case, no evidence was led by the accused to rebut the presumption regarding existence of debt or liability of the accused."

"17. Section 139 of the Act, 1881 provides for drawing the presumption in favour of holder. Section 139 is to the following effect: "139. Presumption in favour of holder."

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો જોતા, હાલના કેસમાં ફરીયાદીએ કાયદેસરનું લેણું. આ કામના આરોપીના ખાતાનો ચેક અને ચેક ઉપર આરોપીની સહી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે, તે પુરાવાનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેલ છે અને તે દરમિયાન પણ આરોપી પક્ષ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૯ અન્વયેના કાયદેસરના અનુમાને રીબટ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૪. 2012 Cr.L..R. (SC) 192 B. Chandramathi V/s N. Prakash "(A) Negotiable Instruments Act, 1881-Sec. 138-Dishonour of cheque on account of insufficient fund-Trial Court convicted and sentenced with one year S.I. with fine? 5,000/ and further directed to pay compensation 2,20,000/--Order affirmed upto High Court-Appellant admitted her [Para

5] signature on cheque and sought time to repay the amount-Held, Conviction is justified."

૫. 2012 CR.L.R (Guj) 872 Krishna Nilkanth Desai V/s State of Gujarat and Anr. "Negotiable Instruments Act, 1881-Sec. 138Dishonour of cheque-Petitioner accused has neither disputed the issuance of the cheque nor disputed the signatures on cheques nor disputed that she has deposited the amount in account of the complainant-No reply to statutory notice was given-Held, Courts below have not committed any illegality in convicting the petitioner. [Paras 6.2. 6.31]"

૨૩ અને ૨૪ માં રજુ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ ઉપરોકત પેરા નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોતા અને તેમાં દર્શાવેલ કાયદેસરના સિધ્ધાંત હાલના કેસની હકીકત સાથે જોતા, ફરીયાદી જયારે કાયદેસરનું લેવું, આ કામના આરોપીના ખાતાનો ચેક, ચેક ઉપર આ કામના આરોપીની સહી વિગેરે હકીકત કાયદેસર રીતે પુરવાર કરેલ હોય, ત્યારે ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ નું અનુમાન ફરીયાદીની તરફેણમાં હોય, ત્યારે માત્રને માત્ર ડીનાઈલ લેવાથી આ કાયદેસરના અનુમાનનું ખંડન થઈ શકતુ નથી, આમ ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો હાલના કેસમાં સ્પષ્ટપણે લાગુ પડે છે.

૬. 2009 (3) GLH 742, Hitenbhai Parekh Vs. State Of Gujarat and anr.

"CRIMINAL LAWS DISHONOUR CHEQUE Negotiable Instruments Act, 1881 S. 15 118, S. 138, and S. 139 Complainant and the accused had business Cheque issued by the Magistrate recorded conviction and awarded sentence on the appeal, Sessions Court set aside the conviction on the ground that complainant did not produce books of account, income-tax returns, etc. so as to prove legally enforceable debt On a challenge to the acquittal by the complainant. Held, documents like original invoice, debit notes and ledger produced and exhibited clearly snowed debit balance Though there is no presumption as regards any debt or liability being "legally enforceable", once a debt or other liability is presumed and note properly rebutted it would be legally enforceable, unless and until it is shown legally unenforceable debt- On facts, held complaint produced total proof of debit balance and liability of the cheque amount- Accused only disputed the liability by showing that the goods were returned after 75 days presumptions in favour of complainant which the accused could not rebut and disprove the same by any credible preponderance of probabilities Conviction recorded However, as the accused was a lady, instead of sentence of important, fine or double the amount of cheque imposed allowed." Acquittal appeal

૭. 2006 (1) G.L.H. 530 Girishbai Natvarbhai Patel Vs. State of Gujarat and Anr.

"Negotiable Instrument Act, 1881 -Section 138 and 139 Presumption under is rebuttable Unless rebutted by cogent ad convincing evidences, presumption would be that the issuance of cheque was in discharge of liability of the debt Burden is on the accused to rebut presumption In the instant case, accused failed to rebut presumption Acquittal set aside and matter remanded to the Trial Court for determining sentence and compensation."

નામદાર વડી અદાલતના ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રથાપિત કરેલ સિદ્ધાંતો જોતા, બુક્સ ઓફ એકાઉન્ટ, ઇન્કમટેક્ષ રીટર્ન રજુ ન કરવાથી પણ ફરિયાદ પક્ષનું કાયદેસરનું લેણું પુરવાર ન થયેલાનું ગણી શકાય નહિ અને હાલના કેસમાં આંક–૧ વાળી ફરિયાદ, આંક–૪ થી રજુ સોગંદ પરની સરતપાસ, આંક–૩ ના તેમજ, આંક– ૨૪ માં લીસ્ટથી રજુ દસ્તાવેજી પુરાવાઓથી ફરિયાદ વાળો વ્યવહાર કાયદેસર રીતે પુરવાર કરેલ છે અને તેનું કાયદેસરનું ધી નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ–૧૩૯ અવ્યેનું પ્રીઝમ્પશનમાં રીબટ કરવામાં આરોપી પક્ષ સદંતર રીતે નિષ્ફળ ગયેલ હોય, આ ચુકાદામાં સિદ્ધાંતોમાં હાલના કેસમાં સ્પષ્ટપણે લાગુ પડે છે. આમ નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો જોતા અને હાલના કેસમાં ફરિયાદીએ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરેલ છે, તેની સામે આરોપી પક્ષ હાલની લેખિત દલીલમાં અગાઉ જણાવ્યા મુજબ પુરાવાઓનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે, આમ ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચુકાદામાં પ્રસથાપિત કરેલ સિદ્ધાંતો અને હાલનો કેસ જોતા, ધી નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ નું અનુમાન ફરિયાદીના લાભમાં પ્રસ્થાપિત થાય છે અને આરોપી પક્ષ તેને રીબટ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોક્ત ચુકાદાના સિદ્ધાંતો હાલના કેસમાં સ્પષ્ટ પણે લાગુ પડે છે. ઉપરોક્ત હકીકતમાં, ઉપરોક્ત કારણોસર ધી. નેગો.ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ–૧૩૮,૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈ જોતા, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોએ પોતાના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો જોતા અને હાલના કેસમાં રજુ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ જોતા, ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય અને આરોપી પક્ષ કાયદેસરના અનુમાનને ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય, તેમજ આરોપીની કોન્ડકટ જોતા, આ કામના આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુ એક્ટની કલમ–૧૩૮ અન્વયે મહત્તમ બે વર્ષની સજા અને ચેકની બમણી રકમનો દંડ કરી હુકમ ફરમાવવા આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.''

(૭) સદર કામે આરોપીપક્ષનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દાઓ :–</u>

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી પાસે તેમની બાકી લેણી રકમ

નીકળતી હતી અને તે બાકી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને પોતાના એચ.ડી.એફ.સી. બેંક, શોપ નં. એફએફ ૧,૨ અને ૩, શેથાના પ્લાઝા કોમ્પલેક્ષ, બી/એસ એફ.એમ. અમીન પેટ્રોલ પંપ, સ્ટેશન રોડ, ભરૂચ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૨, રકમ –૩,૦૦,૦૦૦/–, તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો આપેલ જે નાણાંની વસુલાત માટે ફરીયાદીએ પોતાન ખાતામાં જમા કરતા સદર ચેક '' ફંડ ઈનસફીસીયન્ટ '' ના શેરા તથા રીટર્ન મેમો સાથે પરત ફરેલ. સદર ચેક રીટર્ન થતા ફરીયાદીએ તેઓના વ.શ્રી મારફતે નોટીસ પાઠવેલ હોવા છતાં ફરીયાદીને તેની કાયદેસરની લેણી રકમ નિયત સમયમા ચુકવી નહી આપી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

:: કારણો ::

(૧૦) **મુદ્દા નં.૧ :–**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ધી.નેગો.ઈ.એકટની કલમ : ૧૩૮ અન્વયે સજાનેપાત્ર ગુન્હાહિત કૃત્ય અંગે ચલાવવામાં આવી છે. સદર કલમ અંગેનો સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામા આવ્યો હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર હોય છે જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંતજ ધી નેગો.ઈ.એકટની કલમ:૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો કરનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનુ રહે છે જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો આરોપીની ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો

રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરુરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનુ ખંડન થયાનું ગણી શકાય.

આ કામમા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી ધમેન્દ્રભાઈ બઘેલ નાઓએ આંક–૧ થી ફરીયાદ રજુ કરેલ છે જેમાં જણાવેલી સમગ્ર હકીકતોને આંક–૪ ના સરતપાસ સ્વરુપી સોગંદનામાથી સમર્થન આપ્યુ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી છેલ્લા ૬ વર્ષથી અંકલેશ્વર શહેરમાં ભરૂચીનાકા જવાહર ગાર્ડન પર પાણીપૂરીની લારી ચલાવી ધંધો કરે છે અને આરોપી સાથે ફરીયાદીના સબંધી તેમજ એક જ ગામના થતા ઉદેલ બઘેલ નામની વ્યકિત દવારા ઓળખાણ થયેલ અને આરોપી સાથે ઓળખાણ થતા ફરીયાદી અને આરોપી વચ્ચે જરુરીયાતના સમયે પૈસાના લેવડ તરીકેના પણ વ્યવહાર થતા હતા. ફરીયાદી અને આરોપી ઘણા વર્ષોથી ઓળખાણમાં છે અને વેપારી રીતે પણ ઓળખાણ ધરાવતા હોય જેથી આરોપી ફરીયાદી પાસે અવાર નવાર નાની મોટી રકમ હાથ ઉછીના રકમ માંગી લેતા હતા અને પરત પણ કરી દેતા હતા પરંતુ આરોપીને સને ૨૦૨૨ માં ધંધામાં મંદી આવતા આરોપીએ ફરીયાદી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– હાથ ઉછીની રકમ માંગેલ અને એમ જણાવેલ કે '' હુ હમણા એક નવો ધંધો શરુ કરવા જઈ રહી છુ અને એમા ખુબજ સારી સ્કીમ છે જેથી મારો ધંધો વધશે એટલે તને હુ ડબલ રકમ પરત કરી આપીશ એમ તને વાયદો આપુ છું. મારો વિશ્વાસ કરો એમ જણાવેલ.'' પરંતુ ફરીયાદી પાસે એક સાથે આટલી રકમ ના થતા આરોપી ટુકડે–ટુકડે જરુરીયાત મુજબ રકમ લઈ જતા હતા આમ આરોપી રૂા.૨,૦૦,૦૦૦/– રોકડે લઈ ગયેલ છે અને તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ રૂા.૩૦,૦૦૦/–, તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ રૂા. ૫૦,૦૦૦/–, તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૨૦,૦૦૦/– આરોપીને ફોન પે દવારા ટ્રાન્સફર કરવામાં આવેલ છે. આમ, આરોપી માત્ર રૂપીયા લઈ જતા હતા પરંતુ પરત આપતા ન હોય અને ફરીયાદીને ફેબ્રુઆરી ૨૦૨૪માં રુપીયાની ખબજ જરુર પડતા આરોપી પાસે પોતાની કાયદેસરની નીકળતી લેણી રકમ માંગણી કરેલ ત્યારે આરોપીએ ફરીયાદીને એમ જણાવેલ કે '' ડબલ રૂપીયા તો નહી મળે જે થાય તે કરી લે જે'' જેથી ફરીયાદીએ એમ જણાવેલ કે '' અમોને અમારી લેણી નીકળતી રકમ મહેરબાની કરીને આપી દો.'' જેથી આરોપીએ ફરીયાદીના ધંધાના સ્થળે રૂબરૂ આવી ફરીયાદીના ઓળખીતા ઉદેલ બઘેલની હાજરીમાં રૂપીયા

૩,૦૦,૦૦૦/– નો ચેક ભરી સહી કરી તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો લખી એક મહીના પછીનો પોસ્ટ ડેટેડ ચેક આપેલ. જે ચેક જેનો નં. ૦૦૦૦૨૨ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો રૂ.૩,૦૦,૦૦૦/– નો એચ.ડી.એફ.સી. બેંક, શોપ નં. એફએફ ૧,૨ અને ૩, શેથાના પ્લાઝા કોમ્પલેક્ષ, બી/એસ એફ.એમ. અમીન પેટ્રોલ પંપ, સ્ટેશન રોડ, ભરૂચ શાખાનો લખી આપેલો. જે ચેક ફરીયાદીએ તેના એચ.ડી.એફ.સી. બેંકના ખાતામાં રજૂ કરતા તે ચેક '' ફંડ ઈનસફીસીયન્ટ '' ના કારણથી પરત ફરેલ છે. રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં ફરીયાદીએ ચેક રજૂ કરેલ આંક–૧૮ થી રજુ કરેલ છે.

(૧૧) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસારનો ગુનો બનવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેનો હોવો જોઈએ.આ કામે ફરીયાદીએ તેના સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકર્તા તમામ હકિકત દર્શાવેલ છે. જેમા આ કામના ફરીયાદી એવી હકિકત જાહેર કરે છે કે, આ કામના ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે તથા શિક્ષીત નથી જેથી વેપાર/મજુરી કરી પોતાનુ અને પોતાના પરીવારનું જીવન ગુજરાન ચલાવે છે અને આરોપી ઉપરોકત જણાવેલ સરનારે રહે અને વેપાર રહે છે. ફરીયાદી છેલ્લા ૬ વર્ષથી અંકલેશ્વર શહેરમાં ભરૂચીનાકા જવાહર ગાર્ડન પર પાણીપૂરીની લારી ચલાવી ધંધો કરે છે અને આરોપી સાથે ફરીયાદીના સબંધી તેમજ એક જ ગામના થતા ઉદેલ બઘેલ નામની વ્યકિત દવારા ઓળખાણ થયેલ અને આરોપી સાથે ઓળખાણ થતા ફરીયાદી અને આરોપી વચ્ચે જરુરીયાતના સમયે પૈસાના લેવડ તરીકેના પણ વ્યવહાર થતા હતા. ફરીયાદી અને આરોપી ઘણા વર્ષોથી ઓળખાણમાં છે અને વેપારી રીતે પણ ઓળખાણ ધરાવતા હોય જેથી આરોપી ફરીયાદી પાસે અવાર નવાર નાની મોટી રકમ હાથ ઉછીના રકમ માંગી લેતા હતા અને પરત પણ કરી દેતા હતા પરંતુ આરોપીને સને ૨૦૨૨ માં ધંધામાં મંદી આવતા આરોપીએ ફરીયાદી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– હાથ ઉછીની રકમ માંગેલ અને એમ જણાવેલ કે '' હુ હમણા એક નવો ધંધો શરુ કરવા જઈ રહી છુ અને એમા ખુબજ સારી સ્કીમ છે જેથી મારો ધંધો વધશે એટલે તને હુ ડબલ રકમ પરત કરી આપીશ એમ તને વાયદો આપુ છું. મારો વિશ્વાસ કરો એમ જણાવેલ.'' પરંતુ ફરીયાદી પાસે એક સાથે આટલી રકમ ના થતા આરોપી ટુકડે–ટુકડે જરુરીયાત મુજબ રકમ લઈ જતા હતા આમ આરોપી રૂા.૨,૦૦,૦૦૦/– રોકડે લઈ ગયેલ છે અને તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ રૂા.૩૦,૦૦૦/–, તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ રૂા. ૫૦,૦૦૦/–, તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૨૦,૦૦૦/– આરોપીને ફોન પે દવારા ટ્રાન્સફર

કરવામાં આવેલ છે. આમ, આરોપી માત્ર રૂપીયા લઈ જતા હતા પરંતુ પરત આપતા ન હોય અને ફરીયાદીને ફેબ્રુઆરી ૨૦૨૪માં રુપીયાની ખબજ જરુર પડતા આરોપી પાસે પોતાની કાયદેસરની નીકળતી લેણી રકમ માંગણી કરેલ ત્યારે આરોપીએ ફરીયાદીને એમ જણાવેલ કે '' ડબલ રૂપીયા તો નહી મળે જે થાય તે કરી લે જે'' જેથી ફરીયાદીએ એમ જણાવેલ કે '' અમોને અમારી લેણી નીકળતી રકમ મહેરબાની કરીને આપી દો.'' જેથી આરોપીએ ફરીયાદીના ધંધાના સ્થળે રૂબરૂ આવી ફરીયાદીના ઓળખીતા ઉદેલ બઘેલની હાજરીમાં રૂપીયા ૩,૦૦,૦૦૦/– નો ચેક ભરી સહી કરી તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો લખી એક મહીના પછીનો પોસ્ટ ડેટેડ ચેક આપેલ અને નીચેના વર્ણનવાળો ચેક લખી તેની પર સહી કરીને એવા વિશ્વાસ અને ભરોસા સાથે આપેલ કે આ ચેક તમે બેંકમા જમા કરાવશો એટલે બીજા જ દિવસે તમારા ખાતામાં રૂા.૩,૦૦,૦૦૦/– જમા થઈ જશે.

ચેકની વિગત

અનુ.નં.	ચેક નં.	બેન્કનું નામ	રકમ	તારીખ
૧	૦૦૦૦૨૨	એચ.ડી.એફ.સી.બેંક,શોપ નં. એફએફ ૧,૨ અને ૩, શેથાના પ્લાઝા કોમ્પલેક્ષ, બી/એસ એફ.એમ. અમીન પેટ્રોલ પંપ, સ્ટેશન રોડ, ભરૂચ	૩,૦૦,૦૦૦/–	૨૬/૦૩/૨૦૨૪

આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસાના કારણે ફરીયાદીએ ઉપરોકત ચેક આરોપી પાસેથી સ્વિકારી ફરીયાદીના એચ. ડી. એફ.સી. બેન્કના ખાતામા જમા કરતા તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરાથી વગર સ્વિકાર્યે પરત ફરેલ જે ફરીયાદીને તા.૨૮/૦૩/૨૦૨૪ નારોજ મળેલ છે. આમ, આરોપીએ તેના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી પેટે લખી આપેલ ચેક નં. ૦૦૦૦૨૨ તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરાથી વગર સ્વીકાર્યે પરત ફરેલ જેની જાણ ફરીયાદીને તા.૨૮/૦૩/ ૨૦૨૪ ના થતા આરોપીને જણાવેલ પરંતુ આરોપીએ ચેક બાબતે તથા ઉછીના લીધેલ નાણા પરત આપવાના બદલે ફરીયાદીને ખુબ જ ઉધ્ધતાઈ પુર્વક અને તદન ઉડાઉ જવાબ આપી ધીકકારેલ તેમજ ફરીયાદીને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપવા લાગેલ. આમ, આરોપીએ ફરીયાદી શિક્ષીત ન હોય તેનો લાભ લઈ બદઈરાદા પુર્વક ચેક ભરીને આપેલ અને ડબલ રકમ

આપવાની લાલચમાં લઈ વિશ્વાસમાં લઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ છે. આમ, આરોપીનો પહેલેથી જ બાકી નાણા આપવાનો ઈરાદો ના હોય અને ખોટી રીતે ચેકનો ઉપયોગ કરી ચેક પરત કરવાના આશયે ચેક આપેલ જે ચેક પરત થવાથી ફરીયાદીએ તેના વકીલશ્રી મારફત નોટીસ તૈયાર કરાવી આ કામના આરોપીને રજી.પો.એડી.થી તેમના રહેઠાણના સ્થળે તા.૩૦/૦૩/૨૦૨૪ ના રોજ નોટીસ મોકલાવેલ હતી અને સદર નોટીસમા ચેક પરત ફરેલ તે બાબતના ચેકના નાણા દિન–૧૫મા ચુકતે કરી દેવા તેમજ બીજી અન્ય વિગતો જણાવેલ હતી જે નોટીસ આ કામના આરોપીએ સ્વિકારેલ નથી જેથી ફરીયાદીને તા. ૦૫/૦૪/૨૦૨૪ ના રોજ નોટીસ મળેલ છે. આમ, સદર નોટીસ આરોપીને બજેલ છે પરંતુ આરોપીએ નોટીસનો સ્વિકાર કરેલ નથી તેમજ કાયદેસરના નીકળતા નાણા પણ ચૂકવેલ નથી. આમ, આરોપીએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી માટે આપેલ ચેક નં. ૦૦૦૦૨૨ વાળો ચેક પરત ફરેલ હોવાથી તેમજ તે બાબતની નોટીસ આપવા છતા આરોપીએ નોટીસનો અસ્વિકાર કરી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ ફરીયાદીએ આપવી પડેલ છે.

(૧૨) ત્યારબાદ આ કામે આરોપીપક્ષ ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ની જોગવાઈનું ખંડન કરવા માટે ફરીયાદપક્ષના પુરાવાને રીબર્ટ કરતુ અનુમાન કરવા માટે ફરીયાદીની આરોપીપક્ષ ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ફરીયાદી ઉલટતપાસમાં જણાવે છે કે, '' મને ગુજરાતી આવડતું નથી. એ વાત ખરી છે કે ફરીયાદ નોટીસ અને સરતપાસનું સોગંદનામું ના કેસના કાગળો ગુજરાતી માં છે. એ વાત ખરી નથી કે ફરીયાદ નોટિસ અને સરતપાસ માં ગુજરાતી માં શું લખેલ છે તે મને ખબર નથી. અફસાનાબાનુ એ મને ચેક આપેલ હતો તે ચેક બેંકમા જમા કરાવતા પરત ફરેલ હતો તે બાબતે મે મારા વકીલ ને હિન્દીમાં માહીતી આપેલ હતી તે પ્રમાણે ગુજરાતીમાં ફરીયાદ કરેલ છે. અફસાનાબાનુ સાથે હું ૫ થી ૬ વર્ષથી વેપાર– કરતો હતો. અફસાના બાનુ મારા કોઈ સગા થતા નથી કે મારા ગામના પણ નથી. મને આરોપી સાથે આશરે પાંચેક વર્ષથી પૈસાની લેવડ દેવડ થતી હતી. એ વાત ખરી નથી કે આ પૈસાની લેવડ દેવડ માં હું પહેલા આરોપી પાસેથી ચેક લેતો હતો. એ વાત ખરી નથી કે ફરીયાદ વાળો ચેક આરોપી સાથે પાંચ વર્ષ ની લેવડ દેવડ થયેલ તે સમયનો ચેક છે. આ ફરીયાદ વાળો ચેક આરોપી સાથે સને–૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪ માં જે વ્યવહાર થયેલો તે બાબતનો છે. એ વાત ખરી છે કે સને–૨૦૨૨ માં કહેવાતા આરોપી ને કેટલા રૂપિયા કઈ તારીખે

આપેલ છે તે તારીખ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે સને–૨૦૨૨ માં આરોપી ને કોઈ નાંણા આપેલ નથી તેથી ચોકકસ તારીખ થી કેટલા નાંણા આપેલ છે તે ફરીયાદમાં જણાવેલ નથી. મારા પરિવારમાં હું મારી પત્ની અને ત્રણ બાળકો છે.મારે ધંધો હોવાથી કોઈ ચોકકસ આવક નથી પરંતુ માસિક રૂા.૨૦૦૦૦ થી ૩૦૦૦૦ ની કમાણી ઓછામાં ઓછી થાય છે. હું ઈન્કમટેક્ષ ભરતો નથી. હું ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ. હું ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ તે મારી પાસે ૨૦૨૨ થી અત્યાર સુધી જેટલું રેકર્ડ હશે તે રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે મારે આરોપી પાસેથી ડબલ રૂપિયા લેવાની લાલચ હતી. આરોપી એ ડબલ રૂપિયા નહી મળે જે થાય તે કરી લેજે તેવું આરોપી એ જણાવેલ હતુ જેથી મારી ફરીયાદ માં જણાવેલ છે. ઉદેલ બાધેલ મારા કાકા થાય છે. એ વાત ખરી નથી કે હું ઉદેલ બાધેલ મારફતે આરોપી પાસેથી વ્યાજ મંગાવતો હતો. એ વાત ખરી નથી કે આંક–૧૮ વાળા ચેકમાં તારીખ નામ અને રકમ મે મારી જાત અને અલગ અલગ પેનથી ભરેલ છે. મે આરોપી ને તા.૩૦/૦૩/૨૪ ના રોજ નોટીસ આપેલ હતી. એ વાત ખરી નથી કે મે આરોપી ને ૩૦/૦૩/૨૪ ના રોજ નોટીસ આપેલી તેવી કોઈ નોટીસ આ કામે રજુ કરેલ નથી. અફસાના બાનું ભરૂચ મુકામે સાગર રેસીડન્સીમાં રહે છે જે શેરપુરા મુકામે આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી સાગર રેસીડન્સીમાં રહેતી જ નથી. હું આરોપી ના ઘરે એક વખત ગયેલ છુ. એ વાત ખરી નથી કે હું જંબુસર રોડ ઉપર આવેલ કંથારીયા મુકામે બાગે રહેમાન સોસાયટીના મકાનમાં આરોપી ના ઘરે ગયેલ હતો. એ વાત ખરી નથી કે આરોપી બાગે રહેમાન સોસાયટી માં કંથારીયા મુકામે રહે છે.એ વાત ખરી છે કે મે આરોપીને બાગે રહેમાન સોસાયટી ના સરનામે કોઈ નોટીસ આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી ને મે ખોટા સરનામે નોટિસ મોકલેલ હતી તેથી રીફ્યુસ ના શેરા સાથે પરત જ આવેલ છે. હું મારી આવક જાવકનો હીસાબ રાખતો નથી. હું નગરપાલીકામાં નાંણા ભરુ છુ તેની સ્લીપ મારી પાસે છે. હું સરકાર ને કોઈ ટેક્ષ ભરતો નથી ફકત ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ. એ વાત ખરી નથી કે આરોપી ને મે કોઈ નાંણા આપેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ મા મે આરોપી ને રૂા.૨,૦૦,૦૦૦/– આપેલાનું જણાવેલ છે તેવા કોઈ નાંણા આરોપી ને આપેલ નથી. એ વાત ખરી છે કે હું કોઈને નાંણા આપવા માટે સક્ષમ છુ તે દર્શાવતો પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. મારી પાણી પુરી ની લારી જયા આવેલી છે તે જગ્યાએ બીજી પાણી પુરી ની લારી સહીત અન્ય ખાણી પીણી ની આશરે ૫૦ જેટલી લારીઓ આવેલી છે. એ વાત ખરી નથી કે મે આરોપી ને કોઈ નાંણા આપેલ નથી તેથી હું મારો આવક જાવકનો હિસાબ કોર્ટમાં રજુ કરવા માંગતો નથી. એ વાત ખરી નથી કે રૂા.૩૦,૦૦૦/–, રૂા.૫૦,૦૦૦/–અને રૂા.૨૦,૦૦૦/– મે મારા કાકાને ઉદેલ બધેલ ને આપવા માટે આપેલ હતા. એ વાત ખરી નથી કે શરૂઆતમાં પૈસા ની લેવડદેવડ થયેલી તે વખતે આરોપી એ મને ચેક આપેલ હતો તેનો મે દુરઉપયોગ કરેલ છે. એ વાત ખરી છે કે મે આંક–૨૪ ના લીસ્ટ થી જે પુરાવા રજુ કરેલ છે તે શ્રી સાંઈ પાનીપુરી સેન્ટર નું ઈન્કમટેક્ષ રીટર્ન છે. એ વાત ખરી છે કે હું શ્રી સાંઈ પાનીપુરી સેન્ટર માં શુ છુ એ રેકર્ડ પર લાવેલ નથી. એ વાત ખરી છે કે

ઈન્કમટેક્ષ રીટર્ન માં આરોપી પાસેથી રકમ લેવાની નીકળે છે તેવી કોઈ નોંધ રીટર્નમાં કરેલ નથી. સાહેદ જણાવે છે કે મે સી.એ ને જણાવેલ હતુ. એ વાત ની મને ખબર નથી કે રૂા.૨૦૦૦૦/– થી વધુ રકમ કોઈને આપવી હોય તો ચેકથી આપવી પડે. એ વાત ખરી નથી કે મે કોઈ રૂપિયા આરોપી ને આપેલ ન હોવાથી ઈન્કમટેક્ષ રીટર્ન માં દર્શાવેલ નથી. મારી બેંકમાં એકાઉન્ટ મારા નામથી આવેલુ છે સાંઈ પાનીપુરી સેન્ટર ના નામથી આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીને કોઈ રૂપિયા ઉધાર આપેલ નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આરોપી ને કોઈ નોટિસ પણ આપેલ નથી. નિશાની ૨૪/૧ તથા ૨૪/૨ ને આંક–૨૫ તથા આંક–૨૬ આપવામાં આવે છે.''

(૧૩) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ** :– ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે, (બ) તારીખ વિશે, (ક)સ્વીકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે, (ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે , ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ,તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અં ગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ,ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતં ર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની

વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૪) આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. તેથી આ કામે કલમ– ૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેવી મને જરુરી જણાય છે.

<u>કલમ:–૧૩૮</u>.. ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વિકાર: સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે,એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ

કરવામાં આવી છે.પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે, **(એ)** જ્યાં સુધી, ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય. **(બી)** જ્યાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક,જેમ હોય તેમ,તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસોની અંદર' તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માગણી કરે નહી અને (સી) જ્યાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યા સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ. **<u>સ્પષ્ટીકરણ:–</u>** આ કલમના હેતુ માટે '' દેવુ અથવા અન્ય જવાબદારી' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>કલમ:–૧૪૨ : ગુનાની નોધ લેવા બાબતે :</u>

સને ૧૯૭૩(૨ ઓફ ૧૯૭૪) ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં. (૧) ચેકના ધારણકર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની લેખીત ફરીયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (૨) આ કાયદાની કલમ–૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન થતા ફરીયાદના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય.પરંતુ ''જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદની નોધ અદાલત ધ્વારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરીયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા માટે તેને પુરતુ કારણ હતુ.'' (૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજ્જાની સિવાયની કોઈપણ અદાલત પગલા લઈ શકશે નહી. (૪) પરત થયેલ ચેક માટે એકજ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે.

આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના

તત્વો નીચે મુજબ છે.

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય._આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે આંક–૧૮ નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ આંક–૧૮ નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર

કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૫) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ આંક– ૪ થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ધ્વારા આંક–૧૮ વાળો તકરારી ચેક પોતાના ખાતામાં નાંખેલ જે આંક–૧૯ વાળા રીટર્ન મેમોથી પરત થયેલ. ત્યારબાદ નિયમોનુસાર સમય મર્યાદાની અંદર આંક–૨૦ થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં નિયમોનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે. આમ, સદરહું આરોપી પક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપી પક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપી પક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ધ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવો બચાવ પક્ષ આરોપી ધ્વારા

પ્રસ્તુત કરવામાં આવેલ નથી. તેઓએ માત્ર ને માત્ર ફરીયાદીની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે. સદરહું કામમાં આરોપી પક્ષે જે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તેમાંની મુખ્ય હકીકતો લક્ષમાં રાખીએ તો સદરહું ફરીયાદીને તેમના અને આરોપી સાથેના નાણાકીય વ્યવહાર અંગેના સવાલ જવાબ કરવામાં આવેલ છે. સદરહું ફરીયાદી ધ્વારા એ હકીકત સ્વીકારવામાં આવેલ છે કે, તેઓને આરોપી સાથે આશરે પાંચેક વર્ષથી પૈસાની લેવડ દેવડ થતી હતી. ફરીયાદવાળો ચેક આરોપી સાથે સને ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪ મા જે વ્યવહાર થયેલો તે બાબતનો છે પરંતુ આ ઉલટ તપાસ પરથી પણ આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ હતો તે પુરવાર થાય છે. સદરહું ફરીયાદ પક્ષની જે ઉપરોકત વિગતવાર ઉલટ તપાસ થયેલ છે તેને ઝીણવણભરી રીતે લક્ષમાં રાખીએ તો સદર હકીકતો જે આરોપીએ સઝેશન સ્વરૂપમાં પુછેલ છે તે સઝેશનને પુરાવો માની શકાય નહી. તદઉપરાંત આ કામમાં આરોપીનુ સી.આ.પી.સી. ની કલમ ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ હતુ તે નિવેદન દરમ્યાન આરોપી ધ્વારા વિશેષ હકીકતો નામદાર કોર્ટમાં જણાવેલ હતી જે મુજબ ખોટો કેસ કરેલ હોવાનો બચાવ રજુ કરેલ છે. આ બાબતે ચર્ચા કરીએ તો સદરહું આરોપી પક્ષ ધ્વારા પોતાની હકીકત માની શકાય તે માટે કોઈ વિશેષ પુરાવા રજુ કરેલ નથી કે આવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી આમ બચાવપક્ષ દવારા ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલી હોય તેવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. આમ, ઉપરોકત ચર્ચાના અંતે આરોપીએ જે બચાવો લીધેલા છે પરંતુ તે બચાવો પુરવાર કરવા માટે સદર કામમાં કોઈ સંતોષકારક પુરાવો આપેલ નથી અને સમગ્ર રીતે ફરીયાદ પક્ષની હકીકતો મુજબ તકરારી ચેક કે જેમાં આરોપીની સહી બાબતે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી અને તે ફંડ ઈન સફીસીયન્ટ થી રીટર્ન થયેલ છે અને ત્યારબાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપવામાં આવેલી તે આંક–૨૦ વાળી નોટીસો લક્ષમાં રાખીએ તો તેમાં પણ આરોપી ધ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, પોતાને આવી કોઈ નોટીસ મોકલેલ નથી કે મળેલ નથી પરંતુ આંક –૧ ની ફરીયાદમાં આરોપીનું સરનામું, આંક–૨૦ ની રજી.એ.ડી. નોટીસની સ્થળપ્રતમાં આરોપીનું સરનામું એક જ જણાય છે. વધુમા, આરોપી તરફે એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે, અફસાનાબાનુ ભરૂચ મુકામે સાગર રેસીડેન્સીમા રહે છે જે શેરપુરા મુકામે આવેલ છે. આરોપીને બાગે રહેમાન સોસાયટીના સરનામે કોઈ નોટીસ આપેલ નથી. આ બાબતે ચર્ચા કરીએ તો આરોપી નામદાર કોર્ટમા હાજર થયા બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે, તેવા સંજોગોમાં એક તબકકે માની લેવામા આવે કે આરોપીને બાગે રહેમાન સોસાયટીના સરનામે કોઈ

નોટીસ આપેલ નથી તો પણ આરોપી નામદાર કોર્ટમા તેમના વિ.વ.શ્રી સાથે હાજર થયેલા હોય તેમને સદર કેસની ઈન્સાફી કાર્યવાહી બાબતે સંપુર્ણ જાણ અને માહીતી મળી છે અને તેઓ કેસની ગંભીરતાથી સંપુર્ણપણે વાકેફ છે. ફરીયાદી દવારા રજુ કરવામા આવેલ મૌખિક તથા લેખીત પુરાવાને ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપી દવારા આપવામાં આવેલ ચેક બેંકમા જમા કરાવેલ હોય અને તે ચેક મુજબની રકમ ફરીયાદીને ન મળતા તે અંગેની કાયદેસરની નોટીસ આરોપીને આપેલ હોવાનુ અને નોટીસ આરોપીને આપેલ હોવાનુ અને નોટીસ બાદ આરોપીએ નાણા ન આપતા હાલની ફરીયાદ કરેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૦૭ ક્રિ.લો.જ. પાના નં. ૩૨૧૪ ઉપરના સી. સી. અલ્વી હાજી વિ. પાલાપેટ્ટી મહંમદના કેસના રીપોર્ટેડ ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીને જયારે એન.આઈ. એકટ કલમ- ૧૩૮ મુજબની ફરીયાદનો સમનસ બજી જાય અને તે તેના ૧૫ દિવસમાં ચેકની રકમ ચુકવે નહી ત્યારે તે સંજોગોમાં ચેકની રકમ ચુકવે નહી ત્યારે તે સંજોગોમાં તે એવો બચાવ લઈ શકે નહી કે તેને નોટીસ યોગ્ય રીતે બજેલ નથી. અને આમ આરોપીને બાગે રહેમાન સોસાયટીના સરનામે કોઈ નોટીસ આપેલ નથી કે નોટીસની બજવણી થયેલ નથી તેવી આરોપીની તકરાર ગ્રાહય રાખી શકાય તેમ નથી. આમ, આરોપીને નોટીસ બજી ગયા બાદ દિન-૧૫ માં આરોપી તરફથી ચેકની રકમ ચુકવવામા આવેલ નથી. આમ, આરોપી પક્ષે જે બચાવ બાબતે આરોપી પક્ષે કોઈ સંતોષ કારક પુરાવો આપેલ ન હોય ત્યારે આરોપી પક્ષ સદરહું કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ ના પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં થયેલ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયા હોય ત્યારે તેમજ સમગ્ર રીતે હાલના આરોપી પક્ષે જે ફરીયાદીની ઉ.ત. પર આધાર રાખેલ છે પરંતુ સદર ઉલટ તપાસ થી આરોપી પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરી શકેલા નથી તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૬) નામ. સુ.કો. દવારા **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થાય છે.

(૧૭) આમ આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેજ

વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. આ કામે તહોમતદાર તર્ફે જે બચાવ અને દલીલો રજુ કરેલ છે તે માની શકાય તેમ નથી. વધુમાં આ કામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ માં અવાર નવાર સમય સાથે કરવામાં આવેલ સુધારા વધારા સહિત આ એકટ પાછળનો હેતુ નાણાંકીય વ્યવહારમાં થતી ગેરરિતિઓ અટકાવી આ ગેરરીતિઓ ધ્વારા કોઈ વ્યકિત તેની નાણાંકીય જવાબદારીમાંથી છટકી ન જાય અને નાણાંકીય વ્યવહાર ડુબાડવાનો તેનો હેતુ પાર પાડી કોઈ ચેક આપે અને તે બાઉન્સ થાય ત્યારે બેંકો ધ્વારા તેમજ અન્ય નાણાં કીય સંસ્થાઓ ધ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા ઘટી જાય છે. એટલે કે આવી વિશ્વસનીયતા ઘટી ન જાયતે માટે આ એકટ ધ્વારા તાકાલીક ધોરણે આવા ડીફોલ્ટરને સજા કરવાનો છે. ફરીયાદીએ રજુ કરેલ ચેક પુરવાર થતો હોય તેનો મતલબ એવો થાય છે કે આરોપીએ તેના કાયદેસરના જવાબદારી અને દેવા પેટે ફરીયાદીને ચેક આપેલો છે. ફરીયાદીએ રજુ કરેલ ચેકનો દુરઉપયોગ કરવામાં આવેલ હોય તો આરોપીએ તે બાબતે ફરીયાદ કે અન્ય વ્યકિત ઉપર કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ સમગ્ર હકીકતે નામ. સુપ્રિમ કોર્ટના **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ નથી. આમ નામ. સુપ્રિમ કોર્ટ ના ઉપરોકત ઓથોરીટીઓ તથા દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં જયારે ચેક આપેલ હોય ત્યારે કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું છે જે આ કેસમાં થાય છે. આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી પર છે. પરંતુ આરોપીએ કરેલ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી. એટલુંજ નહી પણ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતુ અનુમાનનું ખંડન થાય તે પ્રબળ શકયતા અને સંભાવના પણ આરોપી તરફથી ઉભી કરવામાં આવતી નથી. ઉપરોકત તમામ મુદાઓની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને હકીકતની સાથે

સાથે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોની ચર્ચા કરેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવું જરુરી નથી, પરંતુ ટુંકમાં એટલું જણાવીશ કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને નાણા આપેલ છે, તે હકીકત છે અને તે રકમ આરોપીએ પરત ન કરતાં ફરીયાદીએ આરોપી પાસેથી વળતર અપાવવા દલીલ કરેલી છે તેમજ ફરીયાદીએ પોતાની દલીલોમાં આધાર રાખેલ ચુકાદાઓથી ફરીયાદીના કેસને સમર્થન મળતુ હોવાનુ જણાય આવે છે.

ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ છે કે, ફરીયાદીની આરોપી પાસેથી તેમની બાકી લેણી રકમ નીકળતી હતી અને તે બાકી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને પોતાના એચ.ડી.એફ.સી. બેંક, શોપ નં. એફએફ ૧,૨ અને ૩, શેથાના પ્લાઝા કોમ્પલેક્ષ, બી/એસ એફ.એમ. અમીન પેટ્રોલ પંપ, સ્ટેશન રોડ, ભરૂચ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૨, રકમ -૩,૦૦,૦૦૦/-, તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજનો આપેલ જે નાણાં ની વસુલાત માટે ફરીયાદીએ પોતાન ખાતામાં જમા કરતા સદર ચેક '' ફંડ ઈનસફીસીયન્ટ '' ના શેરા તથા રીટર્ન મેમો સાથે પરત ફરેલ. સદર ચેક રીટર્ન થતા ફરીયાદીએ તેઓના વ.શ્રી મારફતે નોટીસ પાઠવેલ હોવા છતાં ફરીયાદીને તેની કાયદેસરની લેણી રકમ નિયત સમયમા ચુકવી નહી આપી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તેથી મુદા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામા આવે છે.

(૧૮) **<u>મુદા નં.૨</u>**

ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા અને મુદા નં.૧ ના નિર્ણયના અનુસંધાને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા સફળ થયેલ હોય આરોપી સૈયદ અફસાનાબાનું સાજીદલી, રહે. ફલેટ નં. ૩૦૨, ત્રીજો માળ, સાગર રેસીડેન્સી, બીબી રેસીડેન્સીની બાજુમાં, સલમાન મસ્જીદની સામે, ડુંગરી -શેરપુરા રોડ, ભરૂચ નાઓને નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુનામા તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રી.પ્રો.કોડ કલમ ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાનમાં લેવી પડે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક

વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ક્રી. પ્રો.કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી. આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર નથી. કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ધ્યાનમાં લેતાં આરોપીને યોગ્ય સજા અને યોગ્ય દંડ થવો જોઈએ તેમ હુ માનુ છું.

અત્રે એ નોંધનીય છે કે હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે અને સમન્સ ટ્રાયેબલ કેસમા આરોપીને સજા અંગે સાંભળવુ જરુરી નથી. હાલના કેસના સંજોગો ધ્યાને લેતા આરોપી પોતે કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કોર્ટને ચુકાદો આપવો પડે તેવી પરિસ્થીતી ઉપસ્થિત થયેલ છે. સીઆર.પી.સી. કલમ–૩૫૩(૭) ની જોગવાઈ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા આપવામાં આવેલ ચુકાદો જે જી.એલ.એચ. ૨૦૧૭(૩) પાના નં.૧૪૬ માં પ્રસિધ્ધ થયેલ છે તે શરદ જેઠાલાલ સાવલે વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, આરોપીની ગેરહાજરીમા પણ ચુકાદો જાહેર કરી શકાય અને આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ ચુકાદો માન્ય છે.

સીઆર.પી. સીની કલમ–૨૫૫ ની જોગવાઈ ધ્યાને લેતા તેમા આરોપીને સજા અંગે સાંભળવુ તે કોર્ટની વિવેકાધિન સત્તા છે. હાલના કામના આરોપીની વર્તણુંક જોવામા આવે તો આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. અને આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટ હેઠળ આર્થિક ગુનો કરેલ છે. અને તેવા સંજોગોમાં આરોપીને સાંભળવા માટે મુલત્વી રાખવુ યોગ્ય કે ઉચિત જણાતુ નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે **આર. મોહન વિ. એ.કે. વિજયકુમાર** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપી પાસેથી ફરીયાદીને વળતર અપાવી શકાય અને જો આરોપી તે વળતર ચુકવવામા કસુર કરે તો તે કસુર બદલ મેજીસ્ટ્રેટ કોર્ટ આરોપીને સજા કરી શકે તે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે. તેવા સંજોગોમાં મુદ્દા નં.૨ અનવયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

(૧) આથી ક્રી.પ્રો.કોડ.કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી સૈયદ અફસાનાબાનું સાજીદલી, રહે. ફલેટ નં.૩૦૨, ત્રીજો માળ, સાગર રેસીડેન્સી, બીબી રેસીડેન્સીની બાજુમાં, સલમાન મસ્જીદની સામે, ડુંગરી–શેરપુરા રોડ, ભરૂચ વાળાઓને ધી નેગો.ઈ.એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નાં ગુનામાં તકસીરવાન ઠરાવીને વર્ષ–૨ (બે) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) ભારતીય ફોજદારી સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરીયાદી ને વળતર તરીકે ફરીયાદમા જણાવેલ ચેકની રકમ રૂા.૩,૦૦,૦૦૦/– આજથી માસ–૧ ની મુદૃતમા ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેઓએ વધુ ૩ માસ (ત્રણ માસ)– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) ઉપરોકત ગુના અંગે આરોપીએ જો કોઈ સમયે કાચા કામે કેદમાં પસાર કરેલ હોય તો તેવો સમય ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ કેદની શિક્ષામાં મજરે ગણવાનો રહેશે.

(૪) આરોપીના જામીન તથા જાતમુચરકા રદ ગણવાના રહેશે.

(૫) આરોપી આજરોજ હાજર રહેલ ન હોય, આરોપી વિરૂઘ્ધ વોરંટ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી આ ચુકાદાની એક નકલ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૬ઠ્ઠી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અંકલેશ્વર તા. ૦૬–૦૬–૨૦૨૬	**(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)** બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ અંકલેશ્વર. કોડ નં. જી.જે. ૦૧૨૨૫